# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MANGROL CASE SAJA

સુરતની અદાલતે તાજેતરમાં માંગરોળમાં થયેલાં સામૂહિક દુષ્કર્મ કેસનાં બે આરોપીઓને આજે છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. સુરત જિલ્લા અદાલતે આજે આપેલા ચુકાદામાં બંને આરોપીઓને પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે અમારા સુરતનાં પ્રતિનિધિ લોપા દરબાર

(બાઈટ – પીટીસી સુરત)

ઉલ્લેખનીય છે કે, મોટા બોરસરા ગામમાં ગત 8મી ઓક્ટોબરે સગીરા ઉપર સામૂહિક દુષ્કર્મની ઘટના બની હતી. જેમાં ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતા. આ ઘટનાના એક આરોપીનુ હાર્ટ એટેકને કારણે મોત થયું હતું.

. . . . . . . . . . . . .

# LOCAL BODIES ELECTIONS

સ્થાનિક સ્વરાજની ચૂંટણી ગઇકાલે સંપન્ન થયા બાદ હવે તમામ બેઠકો ઉપરના ઇવીએમ જે તે બેઠકના મતગણતરી કેન્દ્ર ઉપર પહોંચી ગયા છે. આ તમામ ઇવીએમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે. આવતીકાલે મતદાન થયેલી તમામ બેઠકો ઉપર મતગણતરી હાથ ધરાશે. મતગણતરી માટેની તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે.. ત્યારે હવે આવતીકાલે ઇવીએમ ખુલતાં જ ઉમેદવારોનું રાજકિય ભાવી નિશ્ચિત થશે

66 નગર પાલિકા અને જૂનાગઢની મહાનગરપાલિકા સહિત તાલુકા પંચાયતની પેટા ચૂંટણી ગઇકાલે યોજાઇ હતી જેમાં

રાજ્યમાં ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા મુજબ , જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 44.32 ટકા , જ્યારે 66 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 61.65 ટકા મતદાન થયું હતું.

. . . . . . . . . . . . .

# GSRTC

ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. નોકરી દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેના કુટુંબને 14 લાખ રૂપિયાની સહાય અપાશે.

વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા મુજબ નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-3 અને 4ના કર્મચારીઓના 24 સપ્ટેમ્બર 2022 કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને 14 લાખ રૂપિયાની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવાશે , આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષિય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-3 અને 4ના અવસાન પામેલ કર્મચારીઓના કુટુંબને પણ 14 લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# ASSEMBLY BUDGET SESSION

આગામી 19 ફેબ્રુઆરી બુધવારથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. પ્રથમ દિવસે રાજ્યપાલના સંબોધનથી સત્રની શરૂઆત થશે. તો 20 ફેબ્રુઆરીએ વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ થશે. અમારા ગાંધીનગરના પ્રતિનિધિ જણાવે છે કે આ સત્રમાં સરકારી વિધેયકો અને સરકારી કામકાજના મુદ્દા રજૂ થશે. સરકારી વિધેયકો માટે ચાર બેઠકો યોજાશે. આ ઉપરાંત માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે 12 બેઠકો મળશે.

બજેટ સત્ર સંદર્ભે આવતીકાલે ભાજપની બેઠક મળશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલ સહિત તમામ મંત્રીઓ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# ARVALLI FARMER

અરવલ્લી જિલ્લાના નાની બોરલ ગામના યુવા ખેડૂતે , ખેતી ક્ષેત્રે સફળતા મેળવી છે. શિક્ષક તરીકે નોકરી કરતા , વિશાલભાઈએ અંજીર વાવીને ખેતીની શરૂઆત કરી હતી. જેમાં ટૂંકાગાળામાં અંજીરના ફળ આવ્યા છે. તેઓએ જણાવ્યું કે અંજીરની સાથે બાગાયતી પાકો પણ તેમણે લીધા છે. વધુ માહિતી આપતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ : વિશાલ પટેલ, ખેડૂત)

. . . . . . . . . . . . .

# BHAVNAGAR BOARD STUDENT SUBHECCHA

ભાવનગરમાં સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે ધોરણ 10ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ ભાવનગર જિલ્લાના શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

તેમણે તમામ વિદ્યાર્થીઓને તણાવ વિના શાંતિથી પરીક્ષા આપવા માટેની શીખ આપી હતી. આ ઉપરાંત તંદુરસ્તીની કોઈ ચિંતા વિના પરીક્ષા કઈ રીતે આપવી અને બાકી દિવસોમાં કઈ રીતે કાર્ય કરવું જેવા મુદ્દાની હળવી શૈલીમાં રજૂઆત કરી હતી

વિદ્યાર્થીઓએ પણ શાળા જીવનના સ્મરણોને પોતાની શૈલીમાં રજૂ કર્યા હતા.

. . . . . . . . . . . . . .

# WPL

ક્રિકેટમાં, મહિલાઓ માટેની પ્રિમીયર લીગમાં વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

ગઈ કાલે ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને છ વિકેટે પરાજય આપ્યો હતો. અગાઉ, ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. 144 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત જાયન્ટ્સે 18 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પાર કર્યો હતો. કેપ્ટન એશ્લી ગાર્ડનર 52 રન બનાવીને ‘પ્લેયર ઓફ ધ મેચ’ બન્યા હતા.

. . . . . . . . . . . . .

# DRUGS ABHIYAN

અમદાવાદનાં ભાડજ સ્થિત હરેકૃષ્ણ મંદિર દ્વારા "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ હેઠળ રાજ્યના યુવાનોને ડ્રગ્સમુક્ત કરવા અભિયાન ચલાવાશે. આગામી 22 ફેબ્રુઆરીએ યોજનાર આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ સાંસ્કૃતિક , શૈક્ષણિક અને સામાજિક પહેલ દ્વારા સમગ્ર રાજ્યના યુવાનોને પ્રેરણા આપવા , જોડવા અને સશક્ત બનાવવા માટે એક જીવંત પ્લેટફોર્મ બનાવવાનો છે. આ કાર્યક્રમમાં રાજ્ય અને તેની બહારના એક હજારથી વધુ યુવાનો જોડાશે.

. . . . . . . . . . . . .